# પુસ્તકાલય એ તો ગામનું ઘરેણું છે

ગત બુધવારના રોજ ગાંધીનગર જિલ્લાના ડિંગુચા ગામે સાર્વજનિક પુસ્તકાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે જવાનું થયું. ખૂબ જ સારી પ્રેરણાદાયક બાબત એ હતી કે, ગામના લોકોએ જ દાન આપીને ઊડાણપૂર્વકના આયોજન સાથે ગામમાં પુસ્તકાલય બનાવ્યું. ગામડા લોકોની વિચારસરણી અને દાન-ભેટ આપવાની ભાવનાઓ એ જ ગામડાઓને ટકાવી રાખ્યા છે. આ પ્રસંગે આપેલ વક્તવ્ય એવી શ્રદ્ધા સાથે અહીં રજૂ કરું છું, જે વાચકોને નવું વિચારવા માટે પ્રેરશે.

ગામમાં વિવિધ વ્યવસાયના લોકો અને વધુ-ઓછું ભણેલા લોકો વસતા હોય છે. જેથી તમામ લોકોને વાંચતા કરવા તેમની પસંદગીના પુસ્તકો વસાવવાં જોઇએ. પુસ્તકોનું વિષયવસ્તુ વિવિધતા ભર્યું હોવું જોઇએ. ખેડૂતને પણ આકર્ષે અને વેપારીને પણ આકર્ષે. માત્ર પુસ્તકો જ નહીં ચાલે વિવિધ પ્રકારના સામાયિકો પણ નિયમિત મંગાવવા જોઇએ. સાથે નાના-મોટા સમાચારપત્રો પણ પુસ્તકાલયમાં દરરોજ આવવા જોઇએ. જો તમે એમ માનશો કે, લોકો વાંચતા થાય પછી વિવિધ પ્રકારના સાહિત્યમાં વધારો કરીએ તો માન્યતા ખોટી છે. વિવિધતાભર્યું વધારે પ્રમાણમાં સાહિત્ય હશે તો લોકો આપમેળે આવશે જ.

પુસ્તકાલયનો ઉપયોગ માત્ર જ્ઞાન મેળવવા જ નથી તતો, તે ઉપરાંત ચોક્કસ પુસ્તકો દ્વારા નૈતિક મૂલ્યો પણ ખીલે છે. ઘણીવાર આપણે કોઇનું કહેલું માનતા નથી, પણ એજ બાબત જો પુસ્તકમાં વાંચવા મળે તો તેની અસર આપણા મન પર ઝડપી અને ઊંડી થાય છે. નવરા બેઠા હોઇએ તો સમય પસાર કરવા માટે પણ પુસ્તકો જ સાથ આપે છે. આનંદ-મનોરંજન મેળવવા પણ વાંચન કરવામાં આવે છે. પોતાની સમજ અને તર્ક વિકસાવવા વાંચન ખૂબ જ અગત્યનો બાગ ભજવે છે. પોતાના ધંધામાં સફળતા મેળવવા વિવિધ પુસ્તકો આપણને માર્ગદર્શન આપે છે. સૌથી મહત્વનો ફાયદો વાંચનથી એ થાય છે કે, વ્યક્તિના વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે. વાંચનને કારણે વ્યક્તિમાં આન અને સમજમાં વધારો થાય ચે, જેથી વ્યક્તિની નિર્ણય શક્તિમાં પણ સુધારો થાય છે. તેની રહેણીકરણી, વર્તનવ્યવહાર, વિચારો, ચિંતન વગેરે બદલાવાથી તેનું વ્યક્તિત્ત્વ ખીલી ઉઠે છે.

બીજી બાબત એ ખાસ યાદ રાખવાની છે કે, આજનો યુગ કમ્પ્યૂટરનો છે. પુસ્તકાલયમાં માત્ર પુસ્તકો જ હશે તો પણ નહીં ચાલે. પુસ્તકાલય એ માત્ર વાંચનની જગ્યા જ નહીં ઇન્ફર્મેસન સેન્ટર બનવું જોઇએ. આ માટે પુસ્તકાલયમાં પુસ્તકોની સાથે ઇન્ટરનેટની સગવડ પણ હોવી જોઇએ. એટલું જ નહીં વિવિધ પ્રકારની વિપુલ માત્રામાં સીડી. અને ડી.વી.ડી. પણ જોઇએ જ. આજના યુવાનો ને વિવિધ પ્રકારની સાંપ્રત માહિતી પુસ્તકોમાંથી ન પણ મળે. તે માટે તેમણે ઓન લાઇન સર્ચ કરવું પડશે. માત્ર માહિતી મેળવવા જ નહીં વિવિધ પ્રકારની પરીક્ષાના ફોર્મ પણ હવે તો ઓન લાઇન ભરવા પડે છે. માટે નોકરી મેળવવામાં ઇન્ટરનેટ અને સમાચારપત્રો ખૂબ જ ઉપયોગી થઇ પડશે. આજે પણ શહેરોમાં કેટલાંક પુસ્તકાલયો ખુબ જ ઊંચી ફી લઇને સભ્યપદ આપે છે. જ્યાં વેઇટીંગ લીસટ પણ હોય છે. કારણ કે, તે પુસ્તકાલયો લોકોને જોઇતી બધી જ સગવડ પૂરી પાડે છે. માટે જેટલી સગવડ વધુ આપશો તેટલા પ્રમાણમાં વ્યક્તિ વધુ આવશે અને તેમનો વિકાસ વધુ થશે.

મિત્રો. મારી દ્દષ્ટિએ દીકરી માટે મૂરતીયો શોધવા નીકળો ત્યારે તેમને કેટલી જમીન કે પૈસા છે, કેટલું ફર્નિચર છે ? તે ન જોતાં તેમના ઘરમાં કયા સામાયિક આવે છે, કેટલા પુસ્તકો છે, તેમને કયું સાહિત્ય વાંચવું ગમે છે, તેની માહિતી મેળવજો. જેના આધારે તમને ખ્યાલ આવશે કે તે ઘર અને તેના સભ્યો કેટલા સંસ્કારી છે? જે ઘરમાં પૈસા હશે, પણ જો સંસ્કાર કે નૈતિક મૂલ્યો નહીં હોય તો તે ઘરમાં કોઇની પણ દીકરી સુખેથી નહીં જીવી શકે. તમે દીકરી માટે ઘર જોવા જાવ ત્યારે જો ઘરમાં નાનીસરખી લાયબ્રેરી હોય અને

ઘરના સભ્યોને વાંચનનો શોખ હોય તો બીજું કશું જ પૂછયા વગર હા પાડીને આવજો. તમે તમારા દીકરાને વારસામાં બે વિઘા ઓછી જમીન આપવાનું પસંદ કરીને જો પાંચ-દસ હજારના પુસ્તકો ઘરમાં ખરીદી લાવશો તો તે તમને અને તમારા દીકરાને વધારે સુખી કરશે.

ગામના પુસ્તકાલયનો વહીવટ કે પ્રેરણા ગામમાં નોકરી કરતાં લોકોને સોંપવો જોઇએ. જેમકે, શિક્ષક, તલાટી, ગ્રામસેવક, બેંકના કર્મચારી વગેરે. તેઓ ગામના યુવાનોને સાથે રાખનિ નેતૃત્વ કરશે. મહિનામાં એકવાર ચોક્કસ વિષય પર ચર્ચાસભા યોજવી જોઇએ. જે માટે નિષ્ણાતોને પણ બોલવવા જોઇએ. તમે જે વાંચો તેમાં જે ગમ્યું હોય તેની નોંધ કરો અને શક્ય હોય તો જે તે લખાણ વિશે તમારો સારો કે નરસો અભિપ્રાય લેખક સુધી પહોંચાડો જ. આપણે મોટાભાગના લોકો વાંચન કરીએ છીએ પણ વાંચ્યા પછી તેનો યોગ્ય ઉપયોગ ખૂબ જ ઓછો કરીએ છીએ. જેમકે, વસ્તુ ખરીદતી વખતે તેનો ભાવ વાંચીએ છીએ, પણ તેની એક્સપાયરી ડેટ ચવાંચતા નથી. રસ્તા પર “નો પાર્કિંગ” નું બોર્ડ વાંચીએ છીએ પણ વાહનતો ત્યાં જ પાર્ક કરીશું. કચરો નહીં ફેંકવાનું બાોર્ડ વાંચીશું, પણ કચરો તે બોર્ડની નીચે જ ફેંકીશું. તો આપણા કરતાં તો અભણ માણસો વધારે સારા અને ડાહ્યાં ન કહેવાય? વાંચન શીખ્યા પછી પણ આપણે તેનો અમલ ન કરીએ તો આપણે શું કહેવાઇએ?

સરકારે પણ દરેક ગામમાં પુસ્તકાલય માટે યોગ્ય પ્રમાણમાં મદદ કરવી જોઇએ. એટલું જ નહીં પુસ્તકાલયના સંચાલન માટે એક લાયબ્રેરિયનની નિમણૂક પણ કરવી જોઇએ. જ્યાં સુધી સરકાર આવી સગવડ ન કરે ત્યાં સુધી ગામના યુવાન કે નોકરી કરતી કોઇ વ્યક્તિએ પૂરા પ્રેમથી આ જવાબદારી નિભાવવી જોઇએ.

અંતે ગુજરાતમાં પુસ્તકાલયને વેગ આપનાર મહારાજા સયાજીરાવ ગાયકવાડને યાદ કરવા જ પડે. જેમના વડોદરા રાજ્યમાં આજથી ૭૫ વર્ષ પૂર્વે ૧૯૩૫માં કુલ વસ્તી ૨૪,૪૩,૦૦૭ હતી. ભણેલા સ્ત્રી-પુરુષોની સંખ્યા ૪,૩૪,૩૩૪ હતાં, ગામની સંખ્યા ૨,૯૫૮ હતી, શાળા સાથે પુસ્તકાલય વાળા ગામની સંખ્યા ૧૦૮૦ હતી. સાર્વજનિક પુસ્તકાલયોમા  પુસ્તકની કુલ સંખ્યા ૯,૦૭,૩૫૦ હતી, વંચાયેલ પુસ્તકોની સંખ્યા ૭,૯૯,૩૧૪ અને વાચકોની સંખ્યા ૧,૪૮,૮૭૪ હતી. આમ પુસ્તકાલય દીઠ ૮૯૨ વ્યક્તિ અને વ્યક્તિદીઠ આશરે ૩ પુસ્તકો હતા.

એક ઉદાહરણ સૌ યુવાન મિત્રોન મોટી પ્રેરણા આપશે. કવિ કલાપી ૧૮૭૪માં જન્મ્યા હતા અને ૧૯૦૦માં મૃત્યુ પામ્યા. તેમની માત્ર ૨૬ વર્ષની ટૂંકી જિંદગીમાં તેમના વાંચનને યાદ કરીએ. ૧૮૯૧-૧૭ વર્ષે કાદમ્બરી, સમસ્કૃત સાહિત્ય, ૧૮૯૨-૧૮ વર્ષે મહાભારત, શેલી, સ્માઇલ્સ, સિદ્ધામત સાગર, નવલ ગ્રંથાવલી, સરસ્વતીચમદ્ર, શાંતિપર્વ, અનુશાસનપર્વ, પિનલ કોડ, કિરમિનલ પ્રોસિજર કોડ, ૧૮૯૬ – ૧૯ વર્ષે ઓથેલો, રોમિયો એન્ડ જૂલિયટ, ગ્રીન પ્લેજર એન્ડ ગ્રે ગ્રીફ, ધ પાયર વરશીપર, અમિનન્ટ ઇન્ડિયન્સ, એડવેન્ચર ઓફ ટેલીમેક્સ, વર્ડઝવર્થ, મેથ્યુ એર્નોલ્ડ, ૧૮૯૪-૨૦ વર્ષે બાયરન, કીટ્સ, બ્લેક, બર્નસ, ૧૮૯૫-શ્નઋ વર્ષે લાઇટ ઓફ એશિયા, ઝેનોની, ઇમિટેશન ઓફ શંકર, ૧૮૯૬- શ્નશ્ન વર્ષે માર્ટિન, એર્મ્સન, ૧૮૯૭-૨૩ વર્ષે લેસીંગનું મચ સાહિત્ય, ગટે, દાન્તે, રામાયણ, ૧૮૯૮-૨૪ વર્ષે સ્ટ્રેન્જ સ્ટોરી, ગીતા અભ્યાસ, કાન્તના કાવ્ય, સ્વર્ગ અને નરક, ફોસ્ટ, દ્ધારો ઉઘડશે, સ્વીડનબોર્ગ, મિલ્ટન, ૧૮૯૯- ૨૫ વર્ષે એલ્વિન, પ્લેટો, થિયોસોફીના પુસ્તકો, ૧૯૦૦-૨૬ વર્ષે મૃત્યુ પામ્યા તે વર્ષે ચાર્લ્સ રોબિન્સ, પ્લેટો. કવિ કલાપી રાજવી હતા, ઘણાં સુંદર કાવ્યોની રચના કરી, મિત્રોને પત્રો પણ ખૂબ જ લખતા, ઉપરાંત તેમનું આ વાંચન. આપણે સૌ વિચારી કે તેમની સરખાંણીમાં આપણું કામ અને વાંચન !